કામકાજનો ટૂંકો અહેવાલ

# બારમી ગુજરાત વિધાનસભા

## પાંચમું સત્ર

**(તા.૧૭મી ડિસેમ્બર, ૨૦૦૯ થી ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૯)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**

**ગાંધીનગર.**

**૨૦૧૦**

# <u>પ્ર સ્તા વ ના</u>

આ પ્રકાશનમાં બારમી ગુજરાત વિધાનસભાના પાંચમા  સત્ર **(તા.૧૭મી ડિસેમ્બર, થી ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૯)** દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેક્ટર નં. ૧૦,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
તારીખ :૨૫–૧–૨૦૧૦

**ડી. એમ. પટેલ,**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

**<u>અ નુ ક્ર મ ણિ કા</u>**


| ક્રમાંક | વિષય | | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૨. | | ૩. |
| ૧. | બારમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્ર **(તા.૧૭મી ડિસેમ્બર, થી ૧૯મી ડિસેમ્બર, ૨૦૦૯)** માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | | |
| ૨. | પત્રક ક્રમાંક : ૧ | સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી | |
| ૩. | પત્રક ક્રમાંક : ૨ | સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | |
| ૪. | પત્રક ક્રમાંક : ૩ | સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી | |
| ૫. | પત્રક ક્રમાંક : ૪ | સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | |
| ૬. | પત્રક ક્રમાંક : ૫ | ટૂંકી મુદતના, અતારાંકિત અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં) | |
| ૭. | પત્રક ક્રમાંક : ૬ | ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૮. | પત્રક ક્રમાંક : ૭ | અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૯. | પત્રક ક્રમાંક : ૮ | દાખલ કરવાના સરકારી વિધેયકો | |
| ૧૦. | પત્રક ક્રમાંક : ૯ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | |
| ૧૧. | પત્રક ક્રમાંક : ૧૦ | રાષ્ટ્રપતિશ્રી/ રાજયપાલશ્રીની અનુમતિ મળેલાં વિધેયકો | |
| ૧૨. | પત્રક ક્રમાંક : ૧૧ | વૈધાનિક પ્રસ્તાવો | |
| ૧૩. | પત્રક ક્રમાંક : ૧૨ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતાં બિન–સરકારી વિધેયકો | |
| ૧૪. | પત્રક ક્રમાંક : ૧૩ | વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | |
| ૧૫. | પત્રક ક્રમાંક : ૧૪ | ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | |
| ૧૬. | પત્રક ક્રમાંક : ૧૫ | રોજેરોજના કામકાજનો સારાંશ | |
| ૧૭. | પત્રક ક્રમાંક : ૧૬ | સત્રમાં સભ્યોએ ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | |
| ૧૮. | પત્રક ક્રમાંક : ૧૭ | શોકદર્શક ઉલ્લેખ. | |

# બારમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

**પ્રારંભિક :**

બારમી ગુજરાત વિધાનસભાનું પાંચમું સત્ર ગુરૂવાર, તા.૧૭–૧૨–૨૦૦૯ના રોજ શરૂ થયુ હતું અને શનિવાર, તા.૧૯–૧૨–૨૦૦૯ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) હેઠળ અચોકકસ મુદત માટે મુલતવી રહયું હતું અને ત્યાર બાદ રાજયપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૩ દિવસ માટે મળી હતી અને તેમાં કુલ ૩ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૮ કલાક અને ૧૬ મિનિટ કામ કર્યું હતું, જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૬ કલાક અને ૫ મિનિટ થાય છે.

૧. સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, વૈદ્યાનિક પ્રસ્તાવ, સરકારી સંકલ્પ અને અન્ય કામકાજમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી **પત્રક ક્રમાંકઃ ૧** માં આપવામાં આવી છે.

**૨. ગૃહની બેઠકોની તારીખો અને સમય** :–

ગૃહની બેઠકોની તારીખો અને સમય **પત્રક ક્રમાંકઃ ૨** માં આપવામાં આવેલ છે.

**૩. હાજરીઃ–**

સત્ર દરમિયાન ૩ બેઠકોમાં વધારેમાં વધારે હાજરી ૧૪૪ અને ઓછામાં ઓછી હાજરી ૧૩૨ હતી અને સરેરાશ હાજરી ૧૩૯ હતી. સત્ર દરમિયાન સભ્યોએ આપેલી વ્યકિતગત હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક : ૩** માં અને સભ્યોની તારીખવાર હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક :૪** માં આપવામાં આવી છે.

**૪. ટૂંકી મુદતના અને અતારાંકિત પ્રશ્નોઃ–**

બારમી ગુજરાત વિધાનસભાનું પાંચમું સત્ર તા.૧૭/૧૨/૦૯ થી તા.૧૯/૧૨/૦૯ દરમિયાન મળ્યું હતું.

આ સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નો અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગત નીચે મુજબ છે.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની **કુલ–૭૪** અને અતાંરાકિત પ્રશ્નોની કુલ–**૭૯૬** સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો **પત્રક ક્રમાંકઃ૫,૬**અને **૭** માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી કુલ–**૧૮** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. વધુમાં દાખલ થયેલ ટૂંકી મુદતના પ્રશ્નો પૈકી **૫** પ્રશ્નો મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા હતા.

સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની **૫૦–૫૦** ની એક એવી **૪** યાદીઓ તેમજ નિયમ ૮૭(ક) અન્વયે સત્રના છેલ્લા દિવસે **૨૨૯** અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

**૫. અરધા કલાકની ચર્ચા માટેની સૂચનાઃ–**

સત્ર દરમિયાન નિયમ–૯૨ અન્વયે અરધા કલાકની ચર્ચા માટેની **કુલ–૦૧** સૂચના મળી હતી જે દાખલ થઈ ન હતી.

**૬. સરકારી વિધેયકો :–**

(૧) દાખલ કરવામાં આવેલા સરકારી વિધેયકો

સત્ર દરમિયાન ૧ સરકારી વિધેયક સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યું હતું. **જુઓ પત્રક ક્રમાંક :૮**

(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો

સત્ર દરમિયાન કુલ ર સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યા હતા અને ચર્ચાને અંતે પસાર કરવામાં આવ્યા હતા. **જુઓ પત્રક ક્રમાંક : ૯**

**વિધેયકોનું વર્ગીકરણ :–**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતાં વિધેયકો | .......... ૦૨ |
| ૨. | નવાં વિધેયકો | .......... ૦૦ |
| ૩. | અન્ય વિધેયકો | ......... ૦૦ |

**વિધેયકોનું વિષયવાર વર્ગીકરણઃ–**

| | | |
|---|---|---|
| ૧. | નાણાકીય બાબતોને લગતાં વિધેયકો | ......... ૦૦ |
| ૨. | જાહેર સેવાને લગતાં વિધેયકો | ......... ૦૨ |
| ૩. | શિક્ષણને લગતાં વિધેયકો | ......... ૦૦ |
| ૪. | અન્ય વિધેયકો | ........ ૦૦ |

**૭. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાજયપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો :–**

બારમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી હતી તેવા સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક– ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૨૧ અને ૨૨ ને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતાં. **જુઓ પત્રક ક્રમાંકઃ૧૦**

**૮. વૈધાનિક પ્રસ્તાવ (નિયમ–૧૦૦):–**

વૈધાનિક પ્રસ્તાવની એક સૂચના મળી હતી જે દાખલ કરીને ચર્ચા માટે હાથ ધરવામાં આવી હતી. ચર્ચાને અંતે સભાગૃહે પ્રસ્તાવનો સ્વીકાર કર્યો હતો. **જુઓ પત્રક ક્રમાંકઃ૧૧**

**૯. અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવા અંગેનો પ્રસ્તાવ (નિયમ–૧૦૩):–**

ગુજરાત વિધાનસભાના નિયમ–૧૦૩ હેઠળ અધ્યક્ષને અધ્યક્ષ પદેથી દૂર કરવા અંગેના પ્રસ્તાવની માન. સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણ (રામસિંહ પરમાર, ડો. અનિલભાઈ જોષીયારા અને અશ્વિનભાઈ કોટવાલ) તરફથી તા.૨૬–૧૧–૨૦૦૯ના રોજ મળેલ સૂચના દાખલ કરવામાં આવી હતી પરંતુ સૂચનાના પ્રભારી સભ્યશ્રીઓએ આ પ્રસ્તાવને ચાલુ સત્રમાં ગૃહની પરવાનગી માટે રજૂ નહિ કરવાની વિનંતી કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ વિનંતી ગ્રાહય રાખી હતી અને ઉકત પ્રસ્તાવ ચાલુ પાંચમા સત્રમાં સભાગૃહની પરવાનગી માટે રજૂ કરવામાં આવ્યો ન હતો.

**૧૦. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨):–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી **કુલ–૯૬** સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામોનું બેલટ તા.૧૧–૧૨–૦૯ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ સભ્યશ્રી અમરસિંહ રામસિંહ વસાવાએ"**કેન્દ્રના**

**<u>૨૦૦૫ના કાયદા મુજબ આદિવાસીઓને જંગલની જમીન આપવા અંગે</u>"** ના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૧૯–૧૨–૦૯ના રોજ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

## ૧૧. ધ્યાન દોરતી સૂચના (નિયમ–૧૧૬):–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટે **કુલઃ–આઠ** સૂચનાઓ મળી હતી, જે બધી નામંજૂર થઈ હતી.

## ૧૨. બિન–સરકારી વિધેયકો :–

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો

વિધાનસભાના આ સત્રમાં બિન–સરકારી કામકાજ માટે કોઈ દિવસ ફાળવવામાં આવેલ ન હોવાથી અગાઉના સત્ર દરમિયાન સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતાં તેવા કુલ ૬ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી રહયા હતા. **જુઓ પત્રક ક્રમાંક :૧૨**

## ૧૩. સરકારી સંકલ્પો (નિયમ–૧૨૦):–

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા તરફથી ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૨૦ અન્વયે "ધર્માન્તર કરેલ દલિતોને અનામતનો લાભ નહીં આપવા અંગે" ના સરકારી સંકલ્પની એક સૂચના મળી હતી, જે દાખલ કરવામાં આવી હતી, જેના પર શનિવાર, તા.૧૯મી ડિસેમ્બર,૨૦૦૯ના રોજ સભાગૃહમાં ચર્ચા હાથ ધરાઈ હતી. ચર્ચાને અંતે સંકલ્પનો બહુમતીથી સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## ૧૪. ઔચિત્ય ભંગઃ–

ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરવાની એક સૂચના મળી હતી. જેમાં સંબંધિત મંત્રીશ્રી તરફથી મળેલ ખુલાસો ગ્રાહય રાખવામાં આવ્યો હતો અને સૂચના નામંજૂર કરવામાં આવી હતી.

## ૧૫. પોઈન્ટ ઓફ ઓર્ડર :–

સત્ર દરમિયાન કુલ ૨ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા. તેમાંથી ૧ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યો હતો. ૧ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યો ન હતો. એટલે કે ૫૦ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય અને ૫૦ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા

## ૧૬. સમિતિની બેઠકોઃ–

| અ.નં | સમિતિનું નામ | બેઠકની તારીખ |
|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | ૧૬–૧૨–૨૦૦૯ |
| ૨ | પંચાયતી રાજ સમિતિ | ૧૭–૧૨–૨૦૦૯ |

## ૧૭. સમિતિઓના અહેવાલો :–

| અ.નં. | સમિતિનું નામ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | નવમો | ૧૭–૧૨–૨૦૦૯ | ૧૭–૧૨–૨૦૦૯ |
| ૨ | જાહેર સાહસો માટેની સમિતિ | સાતમો અને આઠમો | ૧૯–૧૨–૨૦૦૯ | – |
| ૩ | પંચાયતી રાજ સમિતિ | બીજો | ૧૯–૧૨–૨૦૦૯ | – |
| ૪ | અરજી સમિતિ | પહેલો | ૧૮–૧૨–૨૦૦૯ | – |

## ૧૮. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ / અહેવાલો સિવાય) :–

| અ.નં. | વિગત | મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧ | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૮–૨૦૦૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (મુલ્કી) (અંગ્રેજી તથા ગુજરાતી) વિધાનસભાના મેજની ઉપર મૂકવામાં આવ્યા હતા. | ૧૯–૧૨–૨૦૦૯ |
| ૨ | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૮–૦૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (મુલ્કી) (ગુજરાતી તથા અંગ્રેજી) | ૧૯–૧૨–૨૦૦૯ |

## ૨૦. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો :–

ભારતના બંધારણ અથવા પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ કે કોર્પોરેશનના કુલ–૨૨ અહેવાલો અને ૪૨ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી હતી. **જુઓ પત્રક ક્રમાંક :૧૩**

## ૨૦. વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિ :–

બારમી ગુજરાત વિધાનસભામાં સભ્યોની તા.૧૯/૧૨/૦૯ ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| **અ.નં.** | **પક્ષનું નામ** | **સભ્ય સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભારતીય જનતા પક્ષ | ૧૨૦ |
| ૨ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫૫ |
| ૩ | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી | ૦૩ |
| ૪ | જનતાદળ (યુનાઈટેડ) | ૦૧ |
| ૫ | અપક્ષ | ૦૨ |
| ૬ | ખાલી | ૦૧ |
| | **કુલ:–** | **૧૮૨** |

## ૨૧. ખરેખર થયેલ કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી :–

સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણે સભાઓની તારીખવાર યાદી **પત્રક ક્રમાંક: ૧૪**માં આપવામાં આવી છે.

## ૨૨. રોજેરોજના કામકાજનો સારાંશ :–

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **પત્રક ક્રમાંક:૧૫** માં આપવામાં આવ્યો છે.

## ૨૩. વિધાનસભાની ચર્ચામાં જુદા જુદા સભ્યોનો ફાળો :–

સત્ર દરમિયાન સભ્યોએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની વિગતો **પત્રક ક્રમાંક: ૧૬**માં દર્શાવવામાં આવી છે.

## ૨૪. શોક દર્શક ઉલ્લેખ :–

સત્ર દરમિયાન કુલ ૯ (નવ) મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. **જૂઓ પત્રક ક્રમાંક:૧૭**

## ૨૫. સભાત્યાગઃ–

૧. તા.૧૯–૧૨–૦૯

તા.૧૯–૧૨–૦૯ના રોજ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા નિયમ–૧૨૦ અન્વયે,**"ધર્માન્તર કરેલ દલિતોને અનામતનો લાભ નહીં આપવા અંગે"**નો સરકારી સંકલ્પ રજૂ કરવા ઉભા થયા તે તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે આ સંકલ્પનું વિષયવસ્તુ નામદાર સુપ્રીમ કોર્ટમાં પેન્ડીંગ છે તેમજ આ બાબતે કમિશન પણ નિમાયેલ હોવાથી, આ બાબત સબજયુડિસ હોઈ આ સંકલ્પ સભાગૃહમાં ચર્ચવો જોઈએ નહીં, તેવું જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, કોઈપણ ન્યાયિક સંસ્થા, હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ પિટીશન એડમીટ કરી નોટિસ ન કાઢે ત્યાં સુધી એ બાબત સબજયુડીસ થતી નથી. આ બાબત સુપ્રીમ કોર્ટમાં એડમિટ થયેલ ન હોઈ તેમજ કેન્દ્ર સરકારે નિમેલ કમિશનનો અહેવાલ સંસદમાં રજૂ થઈ ગયેલો હોઈ મંત્રીશ્રી આ સંકલ્પ ગૃહમાં રજૂ કરી શકે છે, તેવું જણાવી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો હતો.

આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ **સભાત્યાગ** કરી ગયા.

## ૨૭. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકો :–

| | વિગત | પ્રેક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અધ્યક્ષ ગેલેરી | ૭૫૦ |
| ૨ | અતિથિ વિશેષ ગેલેરી | ૩૨૫ |
| ૩ | પ્રેક્ષક ગેલેરી | ૧૫૬૭ |
| | **કુલ.** | **૨૬૪૨** |

**પત્રક ક્રમાંક :–૧**

**(જુઓ ફકરા ક્રમાંક :–૧)**

**સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી**

| **દિવસોની સંખ્યા : ૩** | | **કુલ સમય : ૧૮ કલાક અને ૧૬ મિનિટ** | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **કામકાજનો વિષય** | **કલાક** | **મિનિટ** | **ટકાવારી** |
| ૧. | **પ્રશ્નોત્તરી** | **૦૨** | **૦૦** | **૧૦.૯૫** |
| ૨. | વિધેયકો | | | |
| | **(અ) સરકારી** | **૧૧** | **૩૨** | **૬૩.૧૪** |
| | (બ) બિન સરકારી | – | – | – |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | – | – | – |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ) સભામોકૂફીના પ્રસ્તાવો | – | – | – |
| | (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો | – | – | – |
| | (ક) બીજા પ્રસ્તાવો– | | | |
| | **સરકારી પ્રસ્તાવ** | **૦૦** | **૫૩** | **૪.૮૪** |
| | **બિન–સરકારી સભ્યોના પ્રસ્તાવ** | **૦૦** | **૫૯** | **૫.૩૮** |
| ૫. | રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા | – | – | – |
| ૬. | **સરકારી સંકલ્પો** | **૦૦** | **૫૯** | **૫.૩૮** |
| ૭. | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | – | – | – |
| ૮. | **વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા** | **૦૦** | **૦૬** | **૦.૫૫** |
| ૯. | **અન્ય બાબતો** | **૦૧** | **૪૭** | **૯.૭૬** |
| **કુલ** | **..... ..... ......** | **૧૮** | **૧૬** | **૧૦૦.** |

**પત્રક ક્રમાંક :–૨**

**(જુઓ ફકરા ક્રમાંક :–૨)**

સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

| **કામકાજના દિવસો : ૩** | | | **સભાગૃહની બેઠકો : ૩** | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમાંક | વાર | તારીખ | બેઠકનો સમયગાળો | | રિશેષ | **બેઠકનો ખરેખર સમય** |
| | | | બેઠક શરૂ થવાનો સમય ક.–મિ. | બેઠક પૂરી થવાનો સમય ક.–મિ. | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | **૭** |
| ૧. | ગુરૂવાર | ૧૭–૧૨–૦૯ | ૧૨–૦૦ | ૨.૦૪ | – | **૨.૦૪** |
| ૨. | શુક્રવાર | ૧૮–૧૨–૦૯ | ૧૨–૦૦ | ૮.૧૬ | ૦.૪૫ | **૭.૩૧** |
| ૩ | શનિવાર | ૧૯–૧૨–૦૯ | ૮.૩૦ | ૫.૫૬ | ૦.૪૫ | **૮.૪૧** |
| | | | | | | |
| **કુલ** ..... ..... ..... ..... | | | | | | **૧૮.૧૬** |

પત્રક ક્રમાંક :–૩

(જુઓ ફકરા ક્રમાંક :૩)

સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી

(માનનીય અઘ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી , મુખ્યદંડકશ્રી ,નાયબ મુખ્ય દંડક શ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)

| અ.નુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી જયંતિલાલ પરસોત્તમ ભાનુશાલી | – | ૩ | ૩ | |
| ૨ | શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ સેંઘાણી | ૨ | ૧ | ૩ | |
| ૩ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૩ | – | ૩ | |
| ૫ | ર્ડા. નીમાબેન ભાવેશભાઈ આચાર્ય | ૩ | – | ૩ | |
| ૬ | શ્રી બાબુભાઈ મેઘજી ગડા (શાહ) | ૩ | – | ૩ | |
| ૭ | શ્રી શંભુપ્રસાદ બળદેવદાસજી ટુંડિયા | ૩ | – | ૩ | |
| ૮ | શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૩ | – | ૩ | |
| ૯ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦ | ખાલી | – | – | – | |
| ૧૧ | શ્રી દેવજીભાઈ ગોવિંદભાઈ ફતેપરા | – | ૩ | ૩ | |
| ૧૨ | શ્રી હરિલાલ મોહનલાલ પટેલ | ૩ | – | ૩ | |
| ૧૩ | શ્રી કાન્તિલાલ શીવલાલ અમૃતિયા | ૨ | ૧ | ૩ | |
| ૧૪ | શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારિયા | ૩ | – | ૩ | |
| ૧૫ | શ્રી મહંમદ જાવીદ અબ્દુલમુતલીબ પીરઝાદા | ૩ | – | ૩ | |
| ૧૬ | શ્રી ભરતભાઈ ખોડાભાઈ બોઘરા | ૩ | – | ૩ | |
| ૧૭ | શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૧૮ | શ્રી વજુભાઈ વાળા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૯ | શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા | ૩ | – | ૩ | |
| ૨૦ | શ્રી ચંદુભાઈ બચુભાઈ વઘાસીયા | ૨ | ૧ | ૩ | |
| ૨૧ | શ્રીમતી જસુબેન સવજીભાઈ કોરાટ | ૩ | – | ૩ | |
| ૨૨ | શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા | ૨ | ૧ | ૩ | |
| ૨૩ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માંકડિયા | ૩ | – | ૩ | |
| ૨૪ | શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૨૫ | પ્રો. વસુબેન ત્રિવેદી | ૩ | – | ૩ | |
| ૨૬ | શ્રી લાલજીભાઈ પ્રેમજીભાઈ સોલંકી | ૩ | – | ૩ | |
| ૨૭ | શ્રી આર. સી. ફળદુ (મુખ્ય દંડકશ્રી) | – | – | – | |
| ૨૮ | શ્રી બ્રિજરાજસિંહ હેમંતસિંહ જાડેજા | ૩ | – | ૩ | |
| ૨૯ | શ્રી મુળુભાઈ હરદાસભાઈ આયરબેરા | ૩ | – | ૩ | |
| ૩૦ | શ્રી મેઘજી ડાયા કણઝારીયા | ૩ | – | ૩ | |
| ૩૧ | શ્રી પબુભા વિરમભા માણેક | ૩ | – | ૩ | |
| ૩૨ | શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા | ૩ | – | ૩ | |
| ૩૩ | શ્રી કરશનભાઈ દુલાભાઈ ઓડેદરા | ૩ | – | ૩ | |
| ૩૪ | શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા | ૩ | – | ૩ | |
| ૩૫ | શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા | ૩ | – | ૩ | |
| ૩૬ | શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ મકવાણા | ૩ | – | ૩ | |
| ૩૭ | શ્રી ભગવાનભાઈ ધાનાભાઈ બારડ | ૨ | ૧ | ૩ | |
| ૩૮ | શ્રી રાજસીભાઈ વીરાભાઈ જોટવા | ૩ | – | ૩ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૯ | શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ | ૩ | – | ૩ | |
| ૪૦ | શ્રી કનુભાઈ મેપાભાઈ ભાલાળા | ૩ | – | ૩ | |
| ૪૧ | શ્રી લવજીભાઈ ઠાકરશીભાઈ રાજાણી (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૪૨ | શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ મશરૂ | ૩ | – | ૩ | |
| ૪૩ | શ્રી બાવકુભાઈ નાથાભાઈ ઉંધાડ | ૧ | ૨ | ૩ | |
| ૪૪ | શ્રી હનુભાઈ ધોરાજીયા | – | ૩ | ૩ | |
| ૪૫ | શ્રી દિલીપ સંઘાણી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪૬ | શ્રી મનસુખભાઈ પાંચાભાઈ ભુવા | ૩ | – | ૩ | |
| ૪૭ | શ્રી ધીરસિંહભાઈ કરશનભાઈ બારડ | ૩ | – | ૩ | |
| ૪૮ | શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી | – | ૩ | ૩ | |
| ૪૯ | શ્રી સૌરભ પટેલ(મંત્રીશ્રી) | – | – | – | |
| ૫૦ | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર | ૩ | – | ૩ | |
| ૫૧ | શ્રી મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ સરવૈયા | ૩ | – | ૩ | |
| ૫૨ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૩ | – | ૩ | |
| ૫૩ | શ્રી કાળુભાઈ વીરાણી | ૩ | – | ૩ | |
| ૫૪ | ડાૅ. કનુભાઈ વાલાભાઈ કલસરીયા | ૧ | ૨ | ૩ | |
| ૫૫ | શ્રીમતી ભાવનાબેન રાઘવજીભાઈ મકવાણા | ૨ | ૧ | ૩ | |
| ૫૬ | શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૫૭ | શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે | ૩ | – | ૩ | |
| ૫૮ | શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહ ગોહિલ ( વિરોધપક્ષના નેતાશ્રી) | – | – | – | |
| ૫૯ | શ્રી રણછોડભાઈ કરશનભાઈ મેર | ૩ | – | ૩ | |
| ૬૦ | શ્રી કાનજીભાઈ રાયાભાઈ તળપદા | ૧ | ૨ | ૩ | |
| ૬૧ | શ્રી કાંતિલાલ રામાભાઈ લકુમ | ૩ | – | ૩ | |
| ૬૨ | શ્રી પ્રાગજીભાઈ નારણભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૬૩ | શ્રી કમાભાઈ ગગજીભાઈ રાઠોડ | ૩ | – | ૩ | |
| ૬૪ | શ્રી અમિત શાહ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૬૫ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૩ | – | ૩ | |
| ૬૬ | શ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણ | ૩ | – | ૩ | |
| ૬૭ | શ્રીમતી ગીતાબેન યોગેશભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૬૮ | શ્રી રાકેશ જશવંતલાલ શાહ | ૩ | – | ૩ | |
| ૬૯ | શ્રી ભરતકુમાર ચીમનલાલ બારોટ | ૩ | – | ૩ | |
| ૭૦ | શ્રી ગ્યાસુદીન હબીબુદીન શેખ | ૩ | – | ૩ | |
| ૭૧ | શ્રી મોહંમદ ફારુક હુસેનમીયાં શેખ | – | ૩ | ૩ | |
| ૭૨ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા | ૩ | – | ૩ | |
| ૭૩ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડિયા | ૩ | – | ૩ | |
| ૭૪ | શ્રી શૈલેષ મનહરભાઈ પરમાર | ૩ | – | ૩ | |
| ૭૫ | શ્રી અશોક ભટ્ટ ( અધ્યક્ષશ્રી) | – | – | – | |
| ૭૬ | શ્રી સાબીરભાઈ અબ્દુલકરીમ ખેડાવાલા, | ૩ | – | ૩ | |
| ૭૭ | શ્રી નરેન્દ્ર મોદી (મુખ્યમંત્રીશ્રી) | – | – | – | |
| ૭૮ | ડાૅ. માયાબેન સુરેન્દ્રકુમાર કોડનાની | ૩ | – | ૩ | |
| ૭૯ | શ્રી શંભુજી ચેલાજી ઠાકોર | ૩ | – | ૩ | |
| ૮૦ | શ્રી સુરેશકુમાર ચતુરદાસ પટેલ | ૩ | – | ૩ | |
| ૮૧ | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૨ | શ્રીમતી જશોદાબેન ચતુરભાઈ પરમાર | ૩ | – | ૩ | |
| ૮૩ | શ્રી અનિલકુમાર ત્રિભોવનદાસ પટેલ, | ૩ | – | ૩ | |
| ૮૪ | પ્રો. મંગળદાસ માધવદાસ પટેલ | ૩ | – | ૩ | |
| ૮૫ | શ્રી કાંતિભાઈ રામાભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૮૬ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૮૭ | શ્રી ભરતસિંહજી શંકરજી ડાભી | ૩ | – | ૩ | |
| ૮૮ | શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ | ૩ | – | ૩ | |
| ૮૯ | શ્રી જયનારાયણ વ્યાસ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૦ | શ્રી જોધાજી ગલાબજી ઠાકોર | ૩ | – | ૩ | |
| ૯૧ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ, (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૨ | શ્રી રજનીકાંત સોમાભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૯૩ | શ્રી ભાવસિંહભાઈ ડાહયાભાઈ રાઠોડ | ૩ | – | ૩ | |
| ૯૪ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી | ૩ | – | ૩ | |
| ૯૫ | શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૬ | શ્રી અનીલકુમાર અમૃતલાલ માળી | ૩ | – | ૩ | |
| ૯૭ | શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ | ૨ | ૧ | ૩ | |
| ૯૮ | શ્રી લીલાધરભાઈ ખોડાજી વાઘેલા | ૩ | – | ૩ | |
| ૯૯ | શ્રી મફતલાલ મોતીરામ પુરોહિત | ૩ | – | ૩ | |
| ૧૦૦ | શ્રી ગોવિંદભાઈ માધવલાલ પ્રજાપતિ | ૩ | – | ૩ | |
| ૧૦૧ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૨ | શ્રી વસંતકુમાર પરથીભાઈ ભટોળ | ૩ | – | ૩ | |
| ૧૦૩ | શ્રી અશ્વિન કોટવાલ | ૩ | – | ૩ | |
| ૧૦૪ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૫ | ડૉ.અનિલ જોષીયારા | ૩ | – | ૩ | |
| ૧૦૬ | શ્રી પ્રફુલભાઈ ખોડાભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૧૦૭. | શ્રી જયસિંહજી માનસિંહજી ચૌહાણ(મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૮ | શ્રી દિલીપસિંહજી વખતસિંહજી પરમાર | ૩ | – | ૩ | |
| ૧૦૯ | શ્રી ઉદેસિંહ પુંજાજી ઝાલા | ૩ | – | ૩ | |
| ૧૧૦ | શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા | ૩ | – | ૩ | |
| ૧૧૧ | શ્રી પરંજયાદિત્યસિંહજી કૃષ્ણકુમારસિંહજી પરમાર | ૩ | – | ૩ | |
| ૧૧૨ | શ્રી દીતાભાઈ ભીમાભાઈ મછાર | ૩ | – | ૩ | |
| ૧૧૩ | શ્રી બચુભાઈ નાથાભાઈ કિશોરી | ૩ | – | ૩ | |
| ૧૧૪ | શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ પણદા | ૧ | ૨ | ૩ | |
| ૧૧૫ | શ્રીમતી ચંદ્રિકાબેન છગનભાઈ બારીયા | ૨ | ૧ | ૩ | |
| ૧૧૬ | શ્રી તુષારસિંહ કનકસિંહ મહારાઉલ | ૩ | – | ૩ | |
| ૧૧૭ | શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ | ૩ | – | ૩ | |
| ૧૧૮ | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૧૯ | શ્રી અરવિંદસિંહ દામસિંહ રાઠોડ | ૩ | – | ૩ | |
| ૧૨૦ | શ્રી સી.કે.રાઉલજી | ૩ | – | ૩ | |
| ૧૨૧ | શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ | ૩ | – | ૩ | |
| ૧૨૨ | શ્રી હીરાભાઈ હરીભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૧૨૩ | શ્રી જશવંતસિંહ સુમનભાઈ ભાભોર(મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૨૪ | શ્રી માનસિંહ કોહયાભાઈ ચૌહાણ | ૩ | – | ૩ | |
| ૧૨૫ | શ્રી મણીભાઈ દેવજીભાઈ પટેલ | ૩ | – | ૩ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨૬ | શ્રી રામસિંહ પ્રભાતસિંહ પરમાર | ૩ | – | ૩ | |
| ૧૨૭ | શ્રી લાલસિંહ ઉદેસિંહ વડોદીયા | ૩ | – | ૩ | |
| ૧૨૮ | શ્રી ગૌતમભાઈ જેસંગભાઈ ઝાલા | ૩ | – | ૩ | |
| ૧૨૯ | શ્રી સુંદરસિંહ ભલાભાઈ ચૌહાણ (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૩૦ | શ્રી નટવરસિંહ ફૂલસિંહ ઠાકોર | ૩ | – | ૩ | |
| ૧૩૧ | શ્રી પંકજકુમાર વિનુભાઈ દેસાઈ | ૩ | – | ૩ | |
| ૧૩૨ | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૩ | – | ૩ | |
| ૧૩૩ | શ્રીમતી જયોત્સનાબેન રાજુભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૧૩૪ | શ્રી જયંતભાઈ રમણભાઈ પટેલ | ૧ | ૨ | ૩ | |
| ૧૩૫ | શ્રી નિરંજન પટેલ | ૩ | – | ૩ | |
| ૧૩૬ | શ્રી અંબાલાલ આશાભાઈ રોહિત (નાયબ મુ.દંડકશ્રી) | – | – | – | |
| ૧૩૭ | શ્રી દેવુસિંહ જેસીંગભાઈ ચૌહાણ | ૩ | – | ૩ | |
| ૧૩૮ | શ્રી અમિતકુમાર અજિતકુમાર ચાવડા | ૩ | – | ૩ | |
| ૧૩૯ | શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર | ૩ | – | ૩ | |
| ૧૪૦ | શ્રી શિરીષકુમાર મધુસુદન શુકલ | ૩ | – | ૩ | |
| ૧૪૧ | શ્રી ગુલસિંગભાઈ રંગલાભાઈ રાઠવા | ૧ | ૨ | ૩ | |
| ૧૪૨ | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા | ૩ | – | ૩ | |
| ૧૪૩ | શ્રી ધીરુભાઈ ચુનીલાલ ભીલ | ૩ | – | ૩ | |
| ૧૪૪ | શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી | ૩ | – | ૩ | |
| ૧૪૫ | શ્રી સિધ્ધાર્થ ચીમનભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૧૪૬ | શ્રી ખુમાનસિંહ રાયસિંહ ચૌહાણ | ૩ | – | ૩ | |
| ૧૪૭ | શ્રી ભુપેન્દ્રભાઈ ગટુલાલ લાખાવાળા | ૩ | – | ૩ | |
| ૧૪૮ | શ્રી જીતેન્દ્ર સુખડીયા | ૩ | – | ૩ | |
| ૧૪૯ | શ્રી યોગેશ પટેલ (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૫૦ | શ્રી મધુભાઈ બાબુભાઈ શ્રીવાસ્તવ | ૨ | ૧ | ૩ | |
| ૧૫૧ | શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહિલ | ૩ | – | ૩ | |
| ૧૫૨ | શ્રી દિનેશભાઈ બી.પટેલ | ૩ | – | ૩ | |
| ૧૫૩ | શ્રી ચંદુભાઈ મોતીભાઈ ડાભી | ૩ | – | ૩ | |
| ૧૫૪ | શ્રી કિરણકુમાર લક્ષ્મણભાઈ મકવાણા | ૩ | – | ૩ | |
| ૧૫૫ | શ્રી ઈકબાલ પટેલ | ૨ | ૧ | ૩ | |
| ૧૫૬ | શ્રી દુષ્યંતભાઈ રજનીકાંત પટેલ | ૩ | – | ૩ | |
| ૧૫૭ | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૫૮ | શ્રી છોટુભાઈ અમરસિંહભાઈ વસાવા | ૧ | ૨ | ૩ | |
| ૧૫૯ | શ્રી અમરસિંહ રામસિંહ વસાવા | ૩ | – | ૩ | |
| ૧૬૦ | શ્રી હર્ષદભાઈ ચુનીલાલ વસાવા (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૬૧ | શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ વસાવા | ૩ | – | ૩ | |
| ૧૬૨ | શ્રી ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવા | ૩ | – | ૩ | |
| ૧૬૩ | શ્રી પ્રભુભાઈ નાગરભાઈ વસાવા | ૩ | – | ૩ | |
| ૧૬૪ | શ્રી પુનાભાઈ ઢેડાભાઈ ગામીત | ૩ | – | ૩ | |
| ૧૬૫ | શ્રી ઈશ્વરભાઈ નરસિંહભાઈ વહીયા | ૩ | – | ૩ | |
| ૧૬૬ | શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ હળપતિ | ૩ | – | ૩ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬૭ | શ્રીમતી ભારતીબેન અમૃતભાઈ રાઠોડ | ૩ | – | ૩ | |
| ૧૬૮ | શ્રી કિરીટભાઈ ગંગારામભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૧૬૯ | શ્રી નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી | ૩ | – | ૩ | |
| ૧૭૦ | શ્રી રણજીતભાઈ મંગુભાઈ ગિલીટવાલા | ૩ | – | ૩ | |
| ૧૭૧ | શ્રી કિશોર  વાંકાવાલા | ૩ | – | ૩ | |
| ૧૭૨ | શ્રી નરોત્તમભાઈ પટેલ(મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૭૩ | શ્રી આર.સી. પટેલ | ૩ | – | ૩ | |
| ૧૭૪ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ(મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૭૫ | શ્રી લક્ષ્મણભાઈ પરસોત્તમભાઈ પટેલ | ૨ | ૧ | ૩ | |
| ૧૭૬ | શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૧૭૭ | શ્રી વિજયભાઈ રમેશભાઈ પટેલ | ૩ | – | ૩ | |
| ૧૭૮ | શ્રી દોલતરાય નાથુભાઈ દેસાઈ | ૩ | – | ૩ | |
| ૧૭૯ | શ્રી છનાભાઈ કોળુભાઈ ચૌધરી | ૩ | – | ૩ | |
| ૧૮૦ | શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી | ૩ | – | ૩ | |
| ૧૮૧ | શ્રીમતી ઉષાબેન ગીરીશકુમાર પટેલ (દંડકશ્રી) | – | – | – | |
| ૧૮૨ | શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર | ૩ | – | ૩ | |
| | કુલ | ૪૧૬ | ૪૦ | ૪૫૬ | |

**પત્રક ક્રમાંક :– ૪**

**(જુઓ ફકરા ક્રમાંક :–૩)**

**સભ્યશ્રીઓની તારીખવાર હાજરી**

**(માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી, મુખ્ય દંડકશ્રી ,નાયબ મુખ્ય દંડકશ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)**

| ક્રમ | બેઠકની તારીખ | હાજરી | ગેરહાજરી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૧૭/૧૨/૨૦૦૯ | ૧૪૪ | ૮ | ૧૫૨ |
| ૨ | ૧૮/૧૨/૨૦૦૯ | ૧૪૦ | ૧૨ | ૧૫૨ |
| ૩ | ૧૯/૧૨/૨૦૦૯ | ૧૩૨ | ૨૦ | ૧૫૨ |
| | કુલ | ૪૧૬ | ૪૦ | ૪૫૬ |

## પત્રક ક્રમાંક –પ
## (જુઓ ફકરા ક્રમાંકઃ–૪)
## ટૂંકી મુદતના,અતારાંકિત અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં)

| પ્રશ્નોનો પ્રકાર | મળેલ સૂચના | દાખલ કર્યા | દાખલ ન કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત પ્રશ્ન | ટૂંકી મુદતમાંથી અતારાંકિત પ્રશ્ન | તારાંકિત માંથી અતારાંકિત તરીકે દાખલ | સભ્યશ્રીએ પ્રશ્ન પાછા ખેંચીલીધા/ મુદત બહારની સૂચના | અગાઉના સત્ર દરમિયાન જવાબ ન આવવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલ અતારાંકિત પ્રશ્નો | ગૃહમાં જવાબ આપ્યા | તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | ટૂંકી મુદતે જવાબ આપવા મંત્રીશ્રી અસંમત થતાં રદ થયા | સત્ર વહેલું સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયા | સમયના અભાવે પ્રશ્નો ચર્ચાયા નહીં | નિયમ–૮૭(ક) અન્વયે ગૃહના મેજ ઉપર મુકાયા | સભ્યશ્રી મંત્રીશ્રી /સંસદ સભ્યશ્રી બનતાં/અવસાન થતાં પ્રશ્નો રદ થયા | સત્ર સમાપ્તિના દિવસે જવાબ ન મળવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો. | મંત્રીશ્રી ની વિનંતીથી રદ કરેલા પ્રશ્નો. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ટૂંકી મુદતના પ્રશ્નો | ૭૪ | ૧૮ | ૫૬ | – | – | – | – | – | ૧૨ | – | ૦૫ | – | ૦૧ | – | – | – | – |
| અતારાંકિત પ્રશ્નો | ૭૯૬ | ૫૧૫ | ૨૮૧ | – | – | – | – | – | ૨૦૦ | – | – | – | – | ૨૨૯ | – | ૧૧૪ | ૦૧ |
| અરધા કલાકની ચર્ચાના પ્રશ્નો | ૦૧ | – | ૦૧ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

## પત્રક ક્રમાંક :–૬

## (જુઓ ફકરા ક્રમાંક :–૪)

## ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| અ.નં | વિભાગનું નામ | મળેલ સૂચના | દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત તરીકે દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કર્યા | મુદત બહારની સૂચના | મંત્રીશ્રી સંમત | મંત્રીશ્રી અસંમત | સત્ર વહેલું સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયા | ગૃહમાં રજૂ થયા | સમયના અભાવે ચર્ચાયો નહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૦૨ | – | – | – | ૦૨ | – | – | – | – | – | – |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૦૩ | – | – | – | ૦૩ | – | – | – | – | – | – |
| ૩ | શિક્ષણ વિભાગ | ૦૨ | ૦૧ | – | – | ૦૧ | – | – | – | – | ૦૧ | – |
| ૪ | નાણા વિભાગ | ૦૨ | ૦૨ | – | – | – | – | – | ૦૧ | – | ૦૧ | – |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૦૩ | ૦૨ | – | – | ૦૧ | – | – | ૦૧ | – | ૦૧ | – |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૧ | ૦૨ | – | – | ૦૯ | – | – | – | – | ૦૧ | ૦૧ |
| ૭ | ગૃહ વિભાગ | ૧૦ | ૦૨ | – | – | ૦૮ | – | – | ૦૧ | – | ૦૧ | – |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૦૨ | ૦૧ | – | – | ૦૧ | – | – | – | – | ૦૧ | – |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૦૧ | – | – | – | ૦૧ | – | – | – | – | – | – |
| ૧૦ | નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૪ | ૦૫ | – | – | ૧૯ | – | – | ૦૧ | – | ૦૪ | – |
| ૧૧ | પંચાયત,ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૦૧ | ૦૧ | – | – | – | – | – | – | – | ૦૧ | – |
| ૧૨ | મહેસૂલ વિભાગ | ૦૭ | ૦૧ | – | – | ૦૬ | – | – | ૦૧ | – | – | – |
| ૧૩ | માર્ગ અને મકાન વિભાગ | ૦૨ | – | – | – | ૦૨ | – | – | – | – | – | – |
| ૧૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૦૩ | – | – | – | ૦૩ | – | – | – | – | – | – |
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૦૧ | ૦૧ | – | – | – | – | – | – | – | ૦૧ | – |
| | કુલ | ૭૪ | ૧૮ | – | – | ૫૬ | – | – | ૦૫ | – | ૧૨ | ૦૧ |

## પત્રક ક્રમાંક :–૭

(જુઓ ફકરા ક્રમાંક :–૪ )

અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| અ.નં | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | અગાઉના સત્ર દરમિયાન દાખલ કરેલ પરંતુ ગયા સત્રમાં જવાબ ન આવવાથી રજૂ ન થયેલા | દાખલ ન કર્યા | પ્રશ્નો રદ કર્યા | પ્રશ્નો પાછા ખેંચ્યા | ગૃહમાં જવાબ આપ્યા | તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | નિયમ–૮૭ (ક)અન્વયે મેજ ઉપર મૂકયા | સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૦૭ | ૦૫ | – | – | – | ૦૨ | – | – | ૦૧ | – | ૦૧ | ૦૩ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૪૨ | ૨૯ | – | – | ૦૨ | ૧૩ | – | – | ૧૬ | – | ૦૮ | ૦૪ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૮૮ | ૪૭ | – | – | – | ૪૧ | – | – | ૦૧ | – | ૪૦ | ૦૭ |
| ૪ | નાણા વિભાગ | ૧૧ | ૦૭ | – | – | ૦૨ | ૦૪ | – | – | ૦૪ | – | – | ૦૨ |
| ૫ | અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૨૪ | ૧૬ | – | – | – | ૦૮ | – | – | ૧૪ | – | ૦૧ | ૦૨ |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૫૯ | ૩૫ | – | – | ૦૨ | ૨૪ | – | – | ૦૭ | – | ૧૪ | ૧૨ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૩ | ૧૩ | – | – | ૦૫ | ૨૦ | – | – | ૦૮ | – | ૦૨ | ૦૭ |
| ૮ | ગૃહ વિભાગ | ૩૮ | ૨૨ | – | – | ૦૧ | ૧૬ | – | – | ૧૨ | – | ૦૨ | ૧૩ |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૦૩ | ૦૨ | – | – | ૦૧ | ૦૧ | – | – | ૦૩ | – | – | ૦૨ |
| ૧૦ | માહિતી અને પ્રસારણ વિભાગ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૫ | ૧૩ | – | – | ૦૧ | ૦૨ | – | – | ૦૪ | – | ૦૬ | ૦૩ |
| ૧૨ | કાયદા વિભાગ | ૦૨ | ૦૧ | – | – | ૦૧ | ૦૧ | – | – | – | – | – | – |
| ૧૩ | નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૭ | ૬૨ | – | – | ૦૫ | ૧૫ | – | – | ૪૩ | – | ૧૭ | ૦૫ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | પંચાયત,ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૨૪ | ૯૨ | – | – | ૦૬ | ૩૨ | – | – | ૩૦ | – | ૩૯ | ૩૧ |
| ૧૫ | મહેસૂલ વિભાગ | ૪૦ | ૧૮ | – | – | ૦૩ | ૨૨ | – | – | ૦૭ | – | ૧૦ | ૦૩ |
| ૧૬ | માર્ગ અને મકાન વિભાગ | ૮૦ | ૬૪ | – | – | ૦૬ | ૧૬ | – | – | ૦૩ | – | ૫૬ | ૧૦ |
| ૧૭ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૯ | ૧૦ | – | – | – | ૦૯ | ૦૧ | – | ૦૬ | – | ૦૧ | – |
| ૧૮ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૧૭ | ૧૧ | – | – | ૦૧ | ૦૬ | – | – | ૦૫ | – | ૦૪ | ૦૧ |
| ૧૯ | રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૦૪ | ૦૩ | – | – | – | ૦૧ | – | – | ૦૧ | – | ૦૧ | ૦૧ |
| ૨૦ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૫૯ | ૩૯ | – | – | – | ૨૦ | – | – | ૨૫ | – | ૧૧ | ૦૩ |
| ૨૧ | વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨૨ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૦૭ | ૦૩ | – | – | – | ૦૪ | – | – | – | – | – | ૦૩ |
| ૨૩ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૧૫ | ૧૩ | – | – | – | ૦૨ | – | – | ૦૬ | – | ૦૭ | ૦૧ |
| ૨૪ | આદિજાતિ વિકાસ વિભાગ | ૩૨ | ૧૦ | – | – | ૦૧ | ૨૨ | – | – | ૦૪ | – | ૦૯ | ૦૧ |
| ૨૫ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | કુલ | ૭૯૬ | ૫૧૫ | – | – | ૩૭ | ૨૮૧ | ૦૧ | – | ૨૦૦ | – | ૨૨૯ | ૧૧૪ |

**પત્રક ક્રમાંક :૮**

**(જુઓ ફકરા ક્રમાંક :૬(૧))**

**દાખલ કરવાના સરકારી વિધેયકો**

| અ.નં.<br>૧ | વિધેયકની ટૂંકી સંજ્ઞા<br>૨ | વિભાગ<br>૩ | પ્રભારી મંત્રીશ્રી<br>૪ | દાખલ થયા તારીખ<br>૫ |
|---|---|---|---|---|
| ૧ | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૨૩– સન ૨૦૦૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ | ૧૯–૧૨–૨૦૦૯ |

**પત્રક ક્રમાંક : ૯**

**(જુઓ ફકરા ક્રમાંક :૬(૨))**

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો**

| અ.નં | વિધેયકનો નંબર અને સંજ્ઞા | ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ | સંબંધિત વિભાગ | પ્રભારી મંત્રીશ્રી | દાખલ થયા તારીખ | પહેલા વાંચનની તારીખ | બીજા વાંચનની તારીખ | ત્રીજા વાંચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૦૯નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક (પુનઃ વિચારણા ) | ૧૫/૭/૦૯ | ગૃહ | રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ | ૨૮–૭–૦૯ | ૧૮–૧૨–૦૯ | ૧૮–૧૨–૦૯ | ૧૮–૧૨–૦૯ | – | – | – | * |
| ૨ | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક– ૨૩ – સન ૨૦૦૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક | ૧૪/૧૨/૦૯ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ | શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ | ૧૯/૧૨/૦૯ | ૧૯/૧૨/૦૯ | ૧૯/૧૨/૦૯ | ૧૯/૧૨/૦૯ | – | – | – | |

*** આ વિધેયક અગાઉ તા.૨૮–૭–૨૦૦૯ના રોજ સભાગૃહમાં દાખલ કરવામાંા આવ્યું હતું અને ત્રણેય વાંચન કરી પસાર કરવામાં આવ્યું હતું નામ.રાજયપાલશ્રીની અનુમતિ માટે રજુ કરતાં તેઓશ્રીએ આ વિધેયક પુનઃવિચારણા માટે સંદેશા સાથે વિધાનસભાને પરત કરેલ હતું.**

**પત્રક ક્રમાંક :૧૦**

**(જુઓ ફકરા ક્રમાંક :૭)**

**રાષ્ટ્રપતિ / રાજયપાલશ્રીની અનુમતિ મળેલા વિધેયકો**

| અ.નં. ૧. | વિધેયક ૨ | અનુમતિ મળ્યા તારીખ | સભાગૃહના મેજ ઉપર મૂકયા તારીખ ૪. | કોની અનુમતિ મળી છે ૩. |
|---|---|---|---|---|
| ૧. | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૦૯નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક | ૬–૮–૨૦૦૯ | ૧૮–૧૨–૨૦૦૯ | રાજયપાલશ્રી |
| ૨. | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૦૯નું રક્ષાશકિત યુનિવર્સિટી વિધેયક | ૨૯–૭–૨૦૦૯ | ૧૮–૧૨–૨૦૦૯ | રાજયપાલશ્રી |
| ૩. | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૦૯નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક | ૨૯–૭–૨૦૦૯ | ૧૮–૧૨–૨૦૦૯ | રાજયપાલશ્રી |
| ૪. | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૦૯નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક | ૨૯–૭–૨૦૦૯ | ૧૮–૧૨–૨૦૦૯ | રાજયપાલશ્રી |
| ૫. | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૦૯નું બાળ વિશ્વ વિદ્યાલય વિધેયક | ૨૯–૭–૨૦૦૯ | ૧૮–૧૨–૨૦૦૯ | રાજયપાલશ્રી |
| ૬. | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૦૯નું ગુજરાત વિનિયોગ વિધેયક | ૨૯–૭–૨૦૦૯ | ૧૮–૧૨–૨૦૦૯ | રાજયપાલશ્રી |

**પત્રક ક્રમાંક :૧૧**

**(જુઓ ફકરા ક્રમાંક :૮)**

**વૈધાનિક પ્રસ્તાવો (નિયમ ૧૦૦)**

| મળેલ સૂચનાઓની સંખ્યા | અગાઉના સત્રમાં બાકી રહેલ પ્રસ્તાવ | દાખલ કરેલી સૂચનાઓ | દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર મંત્રીશ્રી/સભ્યશ્રીનું નામ | ચર્ચાયા તારીખ | પરિણામ | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | – | ૧ | સંસદના બન્ને ગૃહોએ પસાર કરેલ સંવિધાન (૧૦૯મા સુધારા) ને બહાલ રાખવા બાબતનો માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૬૮(૨) અન્વયેનો પ્રસ્તાવ | શ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રીશ્રી | ૧૮–૧૨–૨૦૦૯ | ચર્ચાને અંતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો | – |

**પત્રક ક્રમાંક :૧૨**

**(જુઓ ફકરા ક્રમાંક :૧૨)**

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતા બિન સરકારી વિધેયકો**

| અ.નં.<br>૧. | વિધેયક ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા<br>૨. | વિભાગ<br>૩. | પ્રભારી સભ્યશ્રી<br>૪. | શેરો<br>૫. |
|---|---|---|---|---|
| ૧. | સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૦૮નું ગુજરાત અશ્લિલ જાહેર ખબરો, ફોટોગ્રાફ અને પોસ્ટર્સ પ્રતિબંધ વિધેયક. | માહિતી અને પ્રસારણ | શ્રીમતી વિભાવરીબેન દવે | સત્રમાં બિન–સરકારી કામકાજ રાખવામાં આવ્યું ન હોવાથી વિધેયક હાથ ધરી શકાયું નહી |
| ૨. | સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૦૮નું ગુજરાત ભૂંડ સંરક્ષણ અને વસ્તી નિયંત્રણ વિધેયક. | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ | શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ | સત્રમાં બિન–સરકારી કામકાજ રાખવામાં આવ્યું ન હોવાથી વિધેયક હાથ ધરી શકાયું નહી |
| ૩. | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૬– સન ૨૦૦૮નું ગુજરાત રાજ્ય સફાઈ કર્મચારી આયોગ વિધેયક | સામાજિક ન્યાય અને અધિકારીતા | શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા | સત્રમાં બિન–સરકારી કામકાજ રાખવામાં આવ્યું ન હોવાથી વિધેયક હાથ ધરી શકાયું નહી |
| ૪. | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૦૯નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક | ગૃહ | શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા | સત્રમાં બિન–સરકારી કામકાજ રાખવામાં આવ્યું ન હોવાથી વિધેયક હાથ ધરી શકાયું નહી |
| ૫. | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક– ૧૯– સન ૨૦૦૯નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક. | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | શ્રી પ્રદિપસિંહ જાડેજા | સત્રમાં બિન–સરકારી કામકાજ રાખવામાં આવ્યું ન હોવાથી વિધેયક હાથ ધરી શકાયું નહી |
| ૬. | સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૨૦– સન ૨૦૦૯નું ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ)વિધેયક. | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો | શ્રી શંકરભાઈ ચૌધરી | સત્રમાં બિન–સરકારી કામકાજ રાખવામાં આવ્યું ન હોવાથી વિધેયક હાથ ધરી શકાયું નહી |

## પત્રક ક્રમાંક :૧૩
## (જુઓ ફકરા ક્રમાંક :૨૦)
## વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો

| અ.નં. | વિગત | સભાગૃહના મેજ ઉપર મૂક્યા તારીખ |
|---|---|---|
| ૧ | અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૨ | ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૩ | ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૪ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૫ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમનો સને.૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૬ | ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૭થી ૧૦ | ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૦૧–૨૦૦૨ થી સન ૨૦૦૪–૨૦૦૫ના વાર્ષિક હિસાબો તથા આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૧૧ અને ૧૨ | ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ અને સન ૨૦૦૮–૨૦૦૯ના વર્ષનું સુધારેલું અંદાજપત્રક તથા સન ૨૦૦૯–૨૦૧૦ના વર્ષનું અંદાજપત્રક | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૧૩. | ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૧૮–૧૨–૨૦૦૯ |

| | | |
|---|---|---|
| ૧૪. | ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬–૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૧૫. | ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૧૬ | ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો , ઓડિટ અહેવાલ , ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૧૭ | ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮ ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૧૮ | ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ અને હિસાબો | ૧૮–૧૨–૨૦૦૯ |
| ૧૯ અને ૨૦ | ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૦૫–૨૦૦૬ અને સન ૨૦૦૭–૨૦૦૮ના વાર્ષિક અહેવાલો, હિસાબો અને ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો | ૧૯–૧૨–૨૦૦૯ |
| ૨૧ | ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૯–૧૨–૨૦૦૯ |
| ૨૨. | ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૯–૧૨–૨૦૦૯ |

**પત્રક ક્રમાંક:૧૪**

**(જુઓ ફકરા ક્રમાંક :૨૨)**

**ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી**

**ડિસેમ્બર–૨૦૦૯**

| | |
|---|---|
